eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 380
January 16, 2015

## સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ડીમોલીશન

સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત)માં આવેલ રીઝર્વેશન પ્લોટ નં. આર–૦૮(સબ સેન્ટર)માં આશરે ૪૫'×૩૦'માં અનઅધિકૃત રીતે કબ્જો કરી ગેરકાયદેસર પ્રવૃતિઓ કરવામાં આવતી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## ચૌટા બજારથી ખપાટીયા ચકલા તરફ જતા રસ્તા પરની લાઈનદોરીનું અમલીકરણ કરવા બાબત

વોર્ડ નં. ૯, વાડી ફળીયા વિસ્તારમાં ચૌટા બજારથી ખપાટીયા ચકલા તરફ જતા રસ્તા પર ઠરાવ નં.૮૮૯, તા.૩૦/૦૯/૧૯૮૦ થી ૩૦' પહોળાઈની રસ્તારેખા મંજુર કરવામાં આવેલ છે. સદર રસ્તારેખામાં આવતી જમીન તથા તે ઉપરનું બાંધકામ દુર કરી, ખુલ્લી જમીનનો કબ્જો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૪૧૭/૧, ૧૪૧૭/૨ ગુંબજવાળી મસ્જીદની પાછળ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૫/૦૬/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ડીસેમ્બર ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૪ દરમ્યાન ૪૪૬૭ ઈન્ડોર તથા ૪૮૧૯૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૬૪૧ તથા ૭૧૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૪૭૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૫"

ગુજરાત પ્રવાસન નિગમ, સુરત મહાનગરપાલિકા અને જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૫"નું આયોજન તા.૧૩/૦૧/૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક દરમ્યાન તાપી રીવર ફ્રન્ટ, લો લેવલ બ્રીજ પાસેના મેદાન, અડાજણ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા/દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી 'સ્વચ્છ સુરત, સુંદર સુરત'...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી –પૂર્વઝોન (વરાછા)માં નાના વરાછા વિસ્તારમાં ટી.પી.રોડ પરના દબાણો દુર કરી કબજા લેવાની કામગીરી

શિ પૂર્વ(વરાછા)ઝોનમાં નાના વરાછા વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૨૦(નાના વરાછા– કપાદ્રા) ખાતે નવદુર્ગા સોસા. તથા અંબિકા વિજય સોસાયટી વચ્ચેથી પસાર થતાં તથા નાના વરાછા ગામ બસ સ્ટેન્ડ તરફના રસ્તા પરના વર્ષો જુના તબેલાઓ, ઓટલાઓ , બાથરૂમ, સંડાસ તથા ચોકડીઓ વિગેરે તોડીને દુર કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૨૨૯૪ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૧૮૯૧ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૦૩ લાભાર્થીઓ હાજર રહયા નથી...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –ʼસુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૧/૨૦૧૫ અને તા.૧૪/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૩૩૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬,૭૫૦/– વસુલ લેવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – JnNURM-BSUP Redevelopment અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ દસ્તગીરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૨ લાભાર્થીઓ, ગુલશનનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૮ લાભાર્થીઓ, યાહયાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૨૩ લાભાર્થીઓ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –ʼસુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૮૫૦/– વસુલ લેવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૨૬૧૨ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૧૮૧ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૩૧ લાભાર્થીઓ હાજર રહયા નથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૬૪ માં ગેરકાયદેસર બાંધકામને દુર કરવાની કાર્યવાહી

સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૬૪ (ડુંભાલ–મગોબ) માં આવેલ મુખ્ય ૬૦.૦ મી. પહોળા સુરત–બારડોલી ટી.પી. રોડ પર આજરોજ ગેરકાયદેસર ઉભા કરેલા માર્જીનમાંના બાંધકામને દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –ʼસુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) મા વિવિધ વિસ્તારમાં પાર્કીગ/સી.ઓ.પી.ની જગ્યા ખુલ્લી કરી પબ્લીક પાર્કીંગ માટે ડિમોલીશનની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૫૩(મગોબ–ડુંભાલ) ના ફા.પ્લોટ નં. ૬૬, બ્લોક નં. ૬૯ પૈકીમાં આવેલ સીટી પ્લાઝા કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર પર ૨' થી ૨'૬" ફુટના ઉંચા ઓટલાઓ બનાવી લારીઓનું દબાણ તથા ખાણીપીણીના સાધનો તથા ગ્રાઉન્ડ ફલોર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આક્રમક બનતી વેરા વસુલાત ઝુંબેશમાં રૂા.૧,૧૯,૩૩,૨૮૦/– થી વધુની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે. વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૦૧/૦૧/૧૫ ના રોજ રીંગ રોડ માર્કેટ વિસ્તારમાં તથા ૦૨/૦૧/૧૫ ના રોજ ઉમરવાડા હેલ્થ સેન્ટર તથા તેની આસપાસ આવેલ ડી ટાઈપ ટેનામેન્ટ વિસ્તારમાં સઘન વેરા વસુલાત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેર માટે મા.મુખ્યમંત્રીશ્રીનો હકારાત્મક અભિગમ

આજરોજ મા.મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રશ્નો બાબતે ગાંધીનગર ખાતે મળેલ મીટીંગમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જી.આર.અલોરીયાI.A.S....

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૨૯૦૦ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૪૪૦ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૬૦ લાભાર્થીઓ હાજર રહયા નથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## " પ્રેસનોટ " – સુરત મહાનગરપાલિકા –" સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક/ બાગાયત –હર્બલ/ શિલ્પગ્રામ મેળો– ૨૦૧૫ "

સુરત મહાનગરપાલિકાને સુરત શહેરની જનતાને પ્રજાલક્ષી સુવિધાઓ આપવા માટે અનેક એવોર્ડ મેળવ્યા છે. જીવનમાં પુસ્તકોનું મુલ્ય અમુલ્ય છે.સતત પ્રગતિ કરવા માટે વાંચન જરૂરી છે જીવનમાં પુસ્તકોનું ઋણ મહત્વપુર્ણ છે.આ વિચારધારા સાથે સુરત મહાનગરપાલિકા સ્વામી વિવેકાનંદ ૧૪મો રાષ્ટ્રીય પુસ્તક મેળો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મ.ન.પા.આયોજીત પુસ્તક મેળામાં સ્થળ ઉપર જ સભ્યપદ અપાશે અને પુસ્તક દાન સ્વીકારાશે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા આગામી તા.૨૩/૦૧/૨૦૧૫ થી ૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન અઠવાગેટ,વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત ૧૪મા રાષ્ટ્રીય પુસ્તક મેળા દરમ્યાન વધુમાં વધુ વાચક મિત્રોને પ્રેરિત કરી શકાય તેવા ઉમદા હેતુથી મ.ન.પા. ધ્વારા સંચાલિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર

પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ પટેલનગર, હળપતિવાસ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૭ લાભાર્થીઓ, રાજીવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૬ લાભાર્થીઓ, રામભાઈ દૂધવાલાની ચાલના માન્ય યાદીના–૧૫ લાભાર્થીઓ, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૫૨,૩૪૮ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી.

બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૨૬૯૬ રસીકરણ બુથ તથા મોબાઈલ–ટ્રાન્ઝીટ ટીમ મળી કુલ–૨૮૬૬ ટીમો મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૧/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૫૦૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૩૧૮૮ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૭૦૧ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૮૭ લાભાર્થીઓ હાજર રહયા નથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## સુરત મહાનગરપાલિકા – પશ્ચિમ ઝોન(રાંદેર) – જાહેર નોટીસ / સૂચના

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)માં મે. કમિશ્નરશ્રીની સૂચના અન્વયે અડાજણ પાટિયા ધબકાર સર્કલથી મોરાભાગળ સુધીના રાંદેર મેઈન રોડની બંને તરફે આવેલ મિલ્કતોમાં આગળના માર્જીન વાળા / પાર્કિંગવાળા ભાગમાં અનઅધિકૃત ઓટલાનું દબાણ / પાર્કીંગમાં અવરોધરૂપ દિવાલ / ફેન્સીંગ / આડસ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ"

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૮ મી જન્મજયંતિ ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૩/૦૧/૨૦૧૫ ને શુક્રવાર ના રોજ ૮:૩૦ કલાકે ગોપીપુરા,સુભાષચોક,સુરત ખાતે સુતરાંજલી/પુષ્પાંજલી નો કાર્યક્રમ યોજવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૩૪૯૨ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૯૭૬ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૫૧૬ લાભાર્થીઓ હાજર રહયા નથી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે....

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

## સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન , ઉધના ઝોન,રાંદેર ઝોન, વરાછા ઝોન વિસ્તારમાંપૈકી(૧).ડીંડોલીવોર્ડઓફીસપ્રા.શાળા–૧૯૦.૯૭લાખ(૨)આસપાસનગર પાસે પ્રા.શાળા૧૦૭.૧૯લાખ(૩).મલ્ટીએકટીવીટી–૩૫.૯૯લાખ (૪)પરવત ગોડાદરા ખાતે પાર્ટી પ્લોટ ૯૨.૨૯ લાખ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

---

# સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ડીમોલીશન

સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત)માં આવેલ રીઝર્વેશન પ્લોટ નં. આર–૦૮(સબ સેન્ટર)માં આશરે ૪૫'×૩૦'માં અનઅધિકૃત રીતે કબ્જો કરી ગેરકાયદેસર પ્રવૃતિઓ કરવામાં આવતી હતી. અને સદર બાબતે કબ્જેદારને અવર–નવર અનઅધિકૃત રીતે  કરવામાં આવેલ કબ્જો ખાલી કરવાની સુચના આપવામાં  આવેલ તેમ છતા સદર પ્લોટ માંથી કબ્જેદાર દ્વારા ગેરકાયદેસર રીતે ચાલતું આ કૃત્ય  બંધ ન કરી પ્લોટ ખુલ્લો ન કરવામાં આવેલ તેમજ સદર ટી.પી.સ્કીમમાં રીઝર્વેશન પ્લોટ નં. આર–૦૯(હેલ્થ સેન્ટર) અડીને આવેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટના માલિક / કબ્જેદારો દ્વારા ગેરકાયદેસર રીતે આશરે ૪૦'×૩૦' વિસ્તારમાં દબાણ કરી ગોડાઉન,ઈન્ડસ્ટ્રીયલ લુમ્સ વિગેરે તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો.સદર બાબતે કબ્જેદારશ્રી / માલિકને પણ અવર–નવર રીઝર્વેશન પ્લોટમાંથી દબાણ દુર કરવાની જાણ કરવામાં આવેલ. તેમ છતાં સદર પ્લોટમાં દબાણ દુર ન કરતા અત્રેની ઝોન કચેરીના શહેર વિકાસ વિભાગ અને દબાણ સ્ટાફ દ્વારા આજરોજ કુલ અંદાજીત ૩૨૦૦ ચો.ફુટ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે રીઝર્વેશન પ્લોટમાં ચાલતી ગેરકાયદેસરની પ્રવૃતિ  બંધ કરાવી રીઝર્વેશન પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ. અને પતરાનું ગોડાઉનનું દબાણ આજરોજ દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૨૦,૦૦૦/– દંડ વસુલવામાં આવેલ છે. તેમજ ચાર લારી  જપ્ત કરી પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ.

## ચૌટા બજારથી ખપાટીયા ચકલા તરફ જતા રસ્તા પરની લાઈનદોરીનું અમલીકરણ કરવા બાબત

વોર્ડ નં. ૯, વાડી ફળીયા વિસ્તારમાં ચૌટા બજારથી ખપાટીયા ચકલા તરફ જતા રસ્તા પર ઠરાવ નં.૮૮૯, તા.૩૦/૦૯/૧૯૮૦ થી ૩૦' પહોળાઈની રસ્તારેખા મંજુર કરવામાં આવેલ છે. સદર રસ્તારેખામાં આવતી જમીન તથા તે ઉપરનું બાંધકામ દુર કરી, ખુલ્લી જમીનનો કબ્જો મ્યુ. કોર્પોરેશનને સોંપવા કોર્પોરેશન એકટની કલમ–૨૧૨(૨) મુજબ નોટીસ તા. ૨૪–૦૫–૨૦૧૩ ના રોજ આપવામાં આવેલ. સદર નોટીસ આપ્યાના ઘણા દિવસો બાદ પણ મિલ્કતદારો ધ્વારા સ્વૈચ્છીક ડીમોલેશન કરેલ ન હોવાથી સદર રસ્તાનો પુરી પહોળાઈમાં ઉપયોગ થઈ શકતો નથી. જેથી ચૌટા બજાર જેવા ગીચ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યામાં વધારો થાય છે અને હયાત મિલ્કતોને કારણે બોટલનેક સર્જે છે. સદરહુ રસ્તા પરની ૨ બોટલનેક સર્જાતી (બે) મિલ્કતોને તાકીદે દુર કરવી આવશ્યક હોવાથી, બન્ને મિલ્કતદારોને સ્થળ પર પરિસ્થિતીને રૂબરૂ કરાવી તથા તેઓની સમાજ પ્રત્યેની નૈતિક જવાબદારી ધ્યાને લાવી સ્વૈચ્છીક ડીમોલેશન તાકીદે હાથ ધરવા સમજાવટ કરવામાં આવેલ છે. સદર ૨ (બે) મિલ્કતો પૈકીની એક મિલ્કતમાં ભોંયતળિયે દુકાન તથા બીજી મિલ્કતમાં ભોંયતળિયે દુકાન અને પ્રથમ માળે બાંધકામનો સમાવેશ થાય છે. જે મિલ્કતોની લાઈનદોરીમાં કપાત થતી જગ્યા ખુલ્લી કરવા માટે સ્વૈચ્છિક ડીમોલેશન શરૂ કરવામાં આવેલ છે. સદર રસ્તા પરની લાઈનદોરીનું અમલીકરણ કરવામાં આવતા અંદાજીત કુલ–૨૦૦.૦૦ ચો. ફુટ રસ્તો ખુલ્લો થનાર છે. આ રસ્તો ખુલ્લો થવાથી સદર વિસ્તારમાં મોટાભાગની ટ્રાફિક સમસ્યા હળવી થશે તથા રાહદારીઓ રાહત અનુભવશે.

## પ્રેસનોટ નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૫૯૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૮૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૫ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે  રૂા. ૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, કતારગામ ગામતળ, ડભોલી સીંગણપોર રોડ બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, કોસાડ, વિગેરે વિસ્તારમાંથી વેરા પેટે રૂા.૧૯,૮૬,૯૬૧/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૨૧,૩૫,૧૫૩/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૮ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧૧,૫૩,૭૯૭/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૨,૮૨,૦૮૬/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ  છે.

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૪૧૭/૧, ૧૪૧૭/૨ ગુંબજવાળી મસ્જીદની પાછળ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૫/૦૬/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પાર્કીંગ સહિતનું બાંધકામ અત્રેથી તા.૧૩/૦૧/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૪૧૦, ૧૪૧૧, ૧૪૧૨/૧, ૧૪૧૭/૪, ૧૪૧૭/૫, ૧૪૧૭/૭/૧, ૧૪૧૭/૧/૨, ૧૪૧૭/૩/૧, ૧૫૦૬/૫, ૧૫૦૬/૬/૧ ગુંબજવાળી મસ્જીદની પાછળ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૮/૦૭/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પાર્કીંગ સહિતનું બાંધકામ અત્રેથી તા.૧૩/૦૧/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૨, નોંધ નં.૩૨૦૦, ૩૨૦૧, સગરામપુરા, લુહારશેરી વાળી મિલ્કતમાં અત્રેથી તા.૩૦/૧૦/૧૩ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ પાંચમાં માળે આશરે ૨૭૫ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તા.૧૩/૦૧/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

# માહે ડીસેમ્બર ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૪ દરમ્યાન ૪૪૬૭ ઈન્ડોર તથા ૪૮૧૯૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૬૪૧ તથા ૭૧૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૪૭૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા.ટી.બીના નવા ૬૩૫ અને જુના ૩૨૭૧ દર્દીઓ સહીત કુલ ૩૯૦૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૪૭ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૨૬ તથા આંખ વિભાગમાં ૩૨૮૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૫૧૯૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૦૫/૦૧/૨૦૧૫ થી તા.૧૧/૦૧/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ મળી કુલ રૂા.૬૭,૫૮૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

## "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૫"

ગુજરાત પ્રવાસન નિગમ, સુરત મહાનગરપાલિકા અને જીલ્લા વહીવટી તંત્રના સંયુકત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૫"નું આયોજન તા.૧૩/૦૧/૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક દરમ્યાન તાપી રીવર ફ્રન્ટ, લો લેવલ બ્રીજ પાસેના મેદાન, અડાજણ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. શિયાળાની સુવર્ણમયી સવારે મહાનુભાવો અને મલેશિયાથી પધારેલ ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો, આપણા દેશના કર્ણાટક, કેરાલા, મહારાષ્ટ્ર, વડોદરા અને નવસારીથી પધારેલ પતંગબાજોનું પ્રવેશદ્વારે ઢોલના નાદે કુમકુમ તિલક અને ફુલોથી બાળાઓ દ્વારા ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સ્વાગતનૃત્યથી કરવામાં આવી હતી. રંગીનતા, ગતીશીલતા અને ઉન્નતતાના એહસાસ કરાવતા પતંગ સાથે ગુજરાતની વિકાસગાથા રજુ કરતા ઉડે ઉડે રે પતંગ ગુજરાતનો....ગીતનૃત્યમાં ગુજરાતના રંગમાં રંગાઈને વિદેશી કાઈટીસ્ટો પણ જોડાતાં એકતાના પર્વ સમું બની રહયું હતું. ગુજરાતી હોવાનું ગૌરવ લેતું અને લોકજીવનનો ધબકાર રજુ કરતું નગારા સંગ ઢોલ બાજે નૃત્યમાં સૌ કલાકારો જોડાતાં ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગ્ટય કરવામાં આવ્યું હતું. કલેકટરશ્રી ડો.રાજેન્દ્રકુમારએ મહાનુભાવો, મલેશીયા તથા આપણા દેશના વિવિધ વિવિધ રાજયોમાંથી આવેલ પતંગબાજો અને ઉપસ્થિત સર્વેને આવકારતાં જણાવ્યું હતું કે, આપણા દેશના ઉત્સવો અને પર્વોથી લોકસંસ્કૃતિ આગળ આવી છે અને તેથી પ્રવાસીઓની સંખ્યામાં પણ ઘણો વધારો થયો છે. સાથે પતંગ સાથે જોડાયેલા લાખો લોકોને રોજગારી મળી છે. ગુજરાત પ્રવાસન નિગમના ડિરેકટરશ્રી દિનેશભાઈ દાસાએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ચિતાર આપતાં કહયું હતું કે, સરકારનું આ નિગમ ગુજરાતની વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમો, ઉત્સવો, મેળાઓ વિગેરેનું વર્ષ દરમ્યાન આયોજન કરી ગુજરાતને દેશ તથા વિશ્વમાં ટુરિઝમ ક્ષેત્રે આકર્ષવા અને પોતાની આગવી ઓળખ બનાવવા પ્રયત્નશીલ છે. ઉત્તરાયણ નિમિત્તે આજે સુરતની સાથે રાજકોટ અને ભાવનગરમાં પણ આ આતંરરાષ્ટ્રીય પતંગમહોત્સવ યોજાઈ રહયો છે. આ વર્ષે ગુજરાતમાં વડોદરા, અમદાવાદ સહિત પાંચ સ્થળોએ વિશ્વના ૨૯ દેશોમાંથી ૧૫૦ જેટલા ઈન્ટરનેશનલ કાઈટીસ્ટો સાથે દેશના ૪૦૦ જેટલા પતંગબાજો આ આંતરરાષ્ટ્રીય પતંગમહોત્સવોમાં ભાગ લઈ રહયા છે. વિશ્વના દેશોમાંથી પધારેલ આ કાઈટીસ્ટો ગુજરાત અને દેશની ઉમદા સંસ્કૃતિનો અનુભવ લઈ પોતાના દેશમાં કચ્છના રણોત્સવની જેમ એક આગવી ઓળખ કરાવી પ્રવાસન ક્ષેત્રને પ્રગતિશીલ બનાવશે તેવી આશા વ્યકત કરી હતી. સમારંભના ઉદ્દઘાટક અને મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ તેમના ઉદ્દબોધનમાં ગુજરાતને દેશ તથા વિશ્વના પ્રવાસીઓને ટુરિઝમ ક્ષેત્રે આકર્ષવા અને પોતાની આગવી ઓળખ બનાવવા રાજય સરકારના સહયોગથી યોજાતા આ આંતરરાષ્ટ્રીય પતંગમહોત્વના સફળ આયોજન બદલ સરાહના કરી હતી. સુરત શહેર અને રાજયનો હરણફાળ વિકાસ થઈ રહયો છે. આજના શુભ પ્રસંગે વિકાસની આ ગાથા સૌ મળી આગળ વધારીએ અને આ પર્વને આંતરરાષ્ટ્રીય અને વિવિધ રાજયોના કાઈટીસ્ટોના સથવારે માણવા અપીલ કરી હતી. સાથે સાથે મકરસક્રાંતિની શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે મલેશીયાથી પધારેલ કાઈટીસ્ટએ પોતાનો પ્રતિભાવ આગવી શૈલીમાં પ્રદર્શિત કરતાં લોકોના મિલનસાર સ્વભાવનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. મહારાષ્ટ્રથી આવેલ પતંગબાજ શ્રી દિલીપ કાપડીયાએ ગુજરાતીઓના મળતાવડા સ્વભાવ અને તાપી નદીના રમણીયપટમાં આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના આયોજન બદલ વિશેષ ખુશી વ્યકત કરી હતી. તમામ આંતરરાષ્ટ્રીય કાઈટીસ્ટો અને દેશમાંથી પધારેલ પતંગબાજોને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા. અંતમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ મહાનુભાવો તથા આંતરરાષ્ટ્રીય કાઈટીસ્ટોએ બલુન સાથે વિવિધ પતંગોને આકાશમાં વિહરતા કર્યા હતા. તાપીનદીના રમણીયપટમાં હવાની લહેર સાથે મલેશીયાના કાઈટીસ્ટોએ તેમના ૪ અને ૧૬ દોરીના સથવારે ચગતો પતંગ, સ્પોર્ટસ કાઈટ, મંકી કાઈટ મહારાષ્ટ્રથી આવેલ પતંગબાજોએ મેઘ ધનુષ્ય કલરના ૧૦૧ પતંગોની સીરીઝ, ૨૦ ફૂટ ત્રિરંગી ડેલ્ટા કાઈટ, હાથથી સીવીને કબૂતરની ડિઝાઈનવાળા રોકોકો પતંગ, કમળની ડિઝાઈનવાળા કોલાજ પતંગ તથા નાગ શેઈપ ધરાતો પતંગ, કર્ણાટકના પતંગબાજોએ ટ્રેન શેઈપ પતંગ, દુર્ગામાતા દોરેલા પતંગ, કેરાલાના પતંગબાજો કથ્થકલીની થીમ પરના પતંગ, ૨૦ ફૂટના ડેક, કેટ અને ડિયર થીમના પતંગ, વડોદરા અને નવસારી કાઈટીસ્ટોના ડેલ્ટા, રોલર અને બડર્સ ટાઈપના પતંગ, ઈગલ, રોટરઓફ, સમડી તથા ૩૦૧ પતંગની સિરિઝવાળા, એક સાથે ૯ ફૂટના બે પતંગ જેવા વિવિધ આકાર અને ડિઝાઈનના ભાતીગળ પતંગોની ડિઝાઈનોથી સુરતનું આકાશ રંગબેરંગી અને અવનવા પતંગોથી આચ્છાદિત કર્યું હતું. જેમાં સુરતના પતંગબાજોએ પણ આકર્ષક પતંગો આકાશમાં વિહરતા કર્યા હતાં. સમારંભમાં સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, સુરત જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી અજયકુમાર ચોકસી, શ્રી રાજેન્દ્રભાઈ પી.પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ, ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરિયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, સુરત પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના, કલેકટરશ્રી ડો.રાજેન્દ્રકુમાર, શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રીન્ટ મીડીયાના પ્રતિનિધિઓ, આમંત્રિતો, શાળાના વિદ્યાર્થીઓ અને ઉત્સવ પ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગગનમાં વિહરતા પતંગોને નિહાળવાનો લાભ લીધો હતો.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૩/૦૧/૨૦૧૫ નાં રોજ આગામી મકરસંક્રાતિના તહેવાર દરમ્યાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન થાય તે માટે તકેદારી રાખવાના ભાગરૂપે શહેરના તમામ વિસ્તારોમાં દોરી વેચતા / લુગડી કરતા ઈસમોને ત્યાં ચકાસણી કરી, પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતા જણાય તો દોરીનો જથ્થો જપ્ત કરી,  વહીવટી ચાર્જ વસુલવાની કામગીરી કરવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન દોરી વેચતા / લુગડી કરતા કુલ ૫૫૯ ઈસમો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ તથા કુલ ૫૫ સંસ્થા / ઈસમોને નોટીસ પાઠવી, કુલ રૂા.૧૮,૪૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો. સમગ્ર અભિયાન દરમ્યાન કોઈપણ સંસ્થા કે ઈસમ ચાઈનીસ દોરીનું વેચાણ કરતાં જણાયેલ નથી.

# પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી ''સ્વચ્છ સુરત, સુંદર સુરત'' ની છબી બગડવા ન પામે તે હેતુસર, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ પ્રથમ તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૯૦,૩૨૯, દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૭,૨૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ. કામગીરી દરમ્યાન કુલ રૂા. ૧૫,૨૬,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. (જે ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓની વિગતવાર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે.) પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ થયા બાદ બીજા તબકકાની કામગીરી તા.૦૫ જાન્યુઆરી ૨૦૧૫ થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન, સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની બીજા  તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે અન્વયે દરેક ઝોન દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવેલ. આ બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૭૭૧૦૭ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૩૬૪૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૩૧૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા. ૪,૬૭,૬૦૦ /– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. (જે ૩૧૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓની વિગતવાર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર મુકવામાં આવશે.)

આમ, પ્રથમ અને બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી કુલ ૧૬૭૪૩૬ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૧૫૦૯૪૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૫૦૬૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, બંને તબકકાની કામગીરી દરમ્યાન કુલ રૂા. ૧૯,૯૪,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી –પૂર્વઝોન (વરાછા)માં નાના વરાછા વિસ્તારમાં ટી.પી.રોડ પરના દબાણો દુર કરી કબજા લેવાની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોનમાં નાના વરાછા વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૨૦(નાના વરાછા– કપાદ્રા) ખાતે નવદુર્ગા સોસા. તથા અંબિકા વિજય સોસાયટી વચ્ચેથી પસાર થતાં તથા નાના વરાછા ગામ બસ સ્ટેન્ડ તરફના રસ્તા પરના વર્ષો જુના તબેલાઓ, ઓટલાઓ , બાથરૂમ, સંડાસ તથા ચોકડીઓ વિગેરે તોડીને દુર કરી આશરે ૩૦૦૦.૦૦ ચો. ફુટ જેટલા વિસ્તારનો રસ્તાનો કબજો સુરત મહાનગરપાલિકાએ મેળવેલ છે. સ્થળ પર આ વિસ્તારમાં વર્ષોથી પશુપાલનનો ધંધો કરતાં ઈસમોને ફુટપાથ તેમજ રસ્તાના ભાગે પશુઓ ન બાંધવા અને જો તેમ ન કરશે તો તેઓના પશુઓ જપ્ત કરવા તેમ દંડકીય કાર્યવાહી કરવા કડક સૂચના આપવામાં આવી છે.

સદર કામગીરી પૂર્વ(વરાછા)ઝોન ના શહેર વિકાસ વિભાગના સ્ટાફ મારફત એડી.સીટી.ઈજનેરશ્રીની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આગામી દિવસોમાં પૂર્વ(વરાછા)ઝોનના અન્ય વિસ્તારોમાં તબકકાવાર પૂર્વાયોજનથી રસ્તા તથા ફુટપાથ પૈકીના દબાણો દુર કરવાની ઝુંબેશ ઘનિષ્ઠ રીતે હાથ ધરવામાં આવનાર છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

**મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૨૨૯૪ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૧૮૯૧ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૦૩ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૧૬ આવાસ, સુડા હસ્તકના ૮ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૨૬ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.**

**આવતીકાલે તા.૧૬/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૩૧૮ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં** LIG-19 **સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર** A, LIG-20 **ના બિલ્ડીંગ નંબર** A, B **અને** C **ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.**

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૧/૨૦૧૫ અને તા.૧૪/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૩૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬,૭૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૬૮૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૭૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ કુબેરનગર પારસ સોસાયટી, ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, ડભોલી સીંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી વિગેરેમાંથી વેરા પેટે **રૂા.૧૬,૧૮,૮૪૧**/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૨૦,૧૪,૫૫૬**/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૭૯ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૨૪,૨૯,૮૪૮/–** ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી **રૂા.૧,૩૯,૬૫૨/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. તા.૧૪/૦૧/૨૦૧૫ નાં રોજ આગામી મકરસંક્રાતિના તહેવાર દરમ્યાન શહેરમા મુખ્યત્વે પતંગ ઉત્સવ તેમજ પશુ–પક્ષીઓને ચારો/ચણ વિગેરે મોટા પ્રમાણમાં આપવામાં આવે છે.આ તહેવારો દરમ્યાન શહેરમાં પતંગોનો કાગળવેસ્ટ,દોરા તેમજ ઘાસ ચારો,ચણ વિગેરેનો વેસ્ટ વિશાળ પ્રમાણમાં એકત્રિત થાય છે.જે એકત્રિત વેસ્ટની સફાઈની કામગીરી તા.૧૫/૦૧/૨૦૧૫ થી કાર્યરત કરવામાં આવેલ છે.આ અભિયાન હેઠળ વિવિધ વિસ્તારોની સરકારી ઈમારતો,લાઈટ પોલ,વીજપ્રવાહના તાર,વૃક્ષો તેમજ મકાનો પર લટકતા દોરા/પતંગના નિકાલની કામગીરી જે તે ઝોન લેવલેથી હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત દોરીથી ઘાયલ થયેલ પક્ષીઓને સારવાર પણ આપવામાં આવી રહી છે.આગામી ત્રણ (૩) દિવસ દરમ્યાન ઉકત જણાવેલ કામગીરી કાર્યરત રાખી અભિયાન પૂર્ણ કરવામાં આવનાર છે.

## પ્રેસનોટ – JnNURM-BSUP Redevelopment અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર

**સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ દસ્તગીરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦ર લાભાર્થીઓ, ગુલશનનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૮ લાભાર્થીઓ, યાહયાનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–ર૩ લાભાર્થીઓ તથા પંચશીલનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–ર૯ લાભાર્થીઓ મળી કુલ–૮૮ લાભાર્થીઓને ટી.પી. ૫૪ (ભેસ્તાન) ફા.પ્લોટ નં. ૧/એ તથા વડોદ રે.સ.નં.૧ર ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા** JnNURM-BSUP Redevelopment **અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૫.૦૧.ર૦૧૫ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સાઉથ ઝોન (ઉધના) કચેરી ખાતે, સાઉથ ઝોન (ઉધના) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૮૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૭૬૯૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૧૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, સોસાયટી વિગેરેમાંથી વેરા પેટે **રૂા.૧૧,૨૫,૫૬૪/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા.૨,૬૭,૦૨૪/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૫૬ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૫,૫૫,૦૨૯/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૧,૬૯,૯૧૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૨૬૧૨ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૧૮૧ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૩૧ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૨૨ આવાસ, સુડા હસ્તકના ૮ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૩૨ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

આવતીકાલે તા.૧૭/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૨૮૮ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં LIG-20 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર D, E અને F ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૬/૦૧/૨૦૧૫ નાં રોજ સફાઈ તથા કચરા પરિવહનની કામગીરીમાં ઉપયોગમાં લેવાતા તમામ પ્રકારના વાહનો અને સાધન–સામગ્રીની સફાઈ કરી, પાણી ડીટરજન્ટથી ધોવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

જે અંતગર્ત ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરતાં વાહનો – ૩૧૬, ડમ્પર પ્લેસર (કન્ટેઈનર વાહન ) – ૧૪૬, ટ્રક – ૨૯, લોડર મશીન – ૧૬, ટ્રેકટર/ટ્રેલર – ૪૪ તેમજ સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશન કામગીરી માટે વપરાતા કલોઝબોડી કન્ટેઈનર વાહનો – ૩૫, ઉપરાંત, સાફ–સફાઈ માટે વપરાતા સાધન–સામગ્રીની સફાઈ કરી પાણીથી ધોવડાવવામાં આવેલ છે.

# સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૬૪ માં ગેરકાયદેસર બાંધકામને દુર કરવાની કાર્યવાહી

**સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૬૪ (ડુંભાલ–મગોબ) માં આવેલ મુખ્ય ૬૦.૦ મી. પહોળા સુરત–બારડોલી ટી.પી. રોડ પર આજરોજ ગેરકાયદેસર ઉભા કરેલા માર્જીનમાંના બાંધકામને દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.**

**લિંબાયત ઝોનમાં આવેલા મગોબ વિસ્તારમાં મગોબ ગામતળની બાજુમાં ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ) ના ફા.પ્લોટ નં. ૧૯/એ માં આવેલ અભિનંદન કોમ્પલેક્ષના મિલ્કતદારો તરફથી માર્જીનમાં તેમજ ટી.પી.રસ્તામાં ગેરકાયદેસર રીતે પતરાના શેડઅને પાર્કિંગ સ્લોટ બનાવીને પતરાના શેડની અંદર ગેરકાયદેસર રીતે ખાણી પીણીની લારીઓ ઉભી રાખવામાં આવતી હતી.જેની વિરૂધ્ધ આજે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના શહેર વિકાસના સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સદર કાર્યવાહી અન્વયે અભિનંદન કોમ્પલેક્ષના માર્જીનમાં ઉભો કરવામાં આવેલ આશરે ૧૦ દુકાનોની બહાર અંદાજે ૨૦૦૦ ચો.ફુઠ જેટલા માપવિસ્તારમાં કરેલ પતરાના શેડને જે.સી.બી. મશીનથી ખેંચી કાઢી દુર કરવામાં આવેલ.તદઉપરાંત તેની આગળ કરેલ આશરે ૨૫૦૦ ચો.ફુટ જેટલા માપવિસ્તારમાં કરેલ આર.સી.સી.ની પ્લીન્થ કે જે ટી.પી.રોડમાં નડતરરૂપ હતી, તેને પણ જે.સી.બી.મશીનથી તોડી આપવામાં આવેલ.સમગ્ર કામગીરી દરમ્યાન અંદાજે ૦૭ થી ૦૮ લારીઓ ઝોનના દબાણ વિભાગ દ્વારા જમા લેવામાં આવેલ. તથા એમ.એસ.ના પતરા,એંગલ પણ જમા લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૨૧૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૬૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ,કતારગામ ગામતળ,ડભોલી સીંગણપોર રોડ,બાપાસીતારામ ચોક,મગનનગર વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર સોસાયટી વિગેરેમાંથી વેરા પેટે **રૂા.૨૧,૧૫,૧૬૨/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા. ૩,૦૪,૩૩૫/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૩૦ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૧૨,૨૭,૫૨૭/–** ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી **રૂા.૧,૪૨,૦૬૬/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પૂર્વઝોન (વરાછા) મા વિવિધ વિસ્તારમાં પાર્કીંગ/સી.ઓ.પી.ની જગ્યા ખુલ્લી કરી પબ્લીક પાર્કીંગ માટે ડિમોલીશનની કામગીરી.

(૧) ટી.પી. સ્કીમ નં. ૫૩(મગોબ–ડુંભાલ) ના ફા.પ્લોટ નં. ૬૬, બ્લોક નં. ૬૯ પૈકીમાં આવેલ સીટી પ્લાઝા કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર પર ૨' થી ૨'૬'' ફુટના ઉંચા ઓટલાઓ બનાવી લારીઓનું દબાણ તથા ખાણીપીણીના સાધનો તથા ગ્રાઉન્ડ ફલોર પર આવેલ આશરે ૧૮ દુકાનોવાળાઓએ એ લોખંડના એંગલ ઉભા કરી પતરાના શેડ બનાવેલ જે અત્રેથી દુર કરીઓટલાનું બાંધકામ તોડી ગ્રાઉન્ડ લેવલ કરી વ્હીકલ પાર્કીંગ માટેની આશરે ૬૧૦૦.૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૪ ના બ્લોક નં. ૬૧/૨ માં આવેલ રેશ્મા રેસીડેન્સીમાં આશરે ૧૫ દુકાનોવાળાઓએ લોખંડના એંગલ ઉભા કરી પતરાના શેડ બનાવેલ તેનું બાંધકામ,લારી–ગલ્લા, ખાણીપીણીની લારીઓ વગેરે દુર કરી આશરે ૩૦૦૦.૦૦ ચો. ફુટ જગ્યા પબ્લીક પાર્કીંગ માટે ખુલ્લી કરવામાં આવેલ છે.

સદર કામગીરી પૂર્વ(વરાછા)ઝોન ના શહેર વિકાસ વિભાગના સ્ટાફ મારફત એડી.સીટી.ઈજનેરશ્રીની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આગામી દિવસોમાં પૂર્વ(વરાછા)ઝોનના અન્ય વિસ્તારોમાં તબકકાવાર પૂર્વાયોજનથી રસ્તા તથા ફુટપાથ પૈકીના દબાણો દુર કરવાની ઝુંબેશ ઘનિષ્ઠ રીતે હાથ ધરવામાં આવનાર છે.

# સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આક્રમક બનતી વેરા વસુલાત ઝુંબેશમાં રૂા.૧,૧૯,૩૩,૨૮૦/– થી વધુની વેરા વસુલાત

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૦૧/૦૧/૧૫ ના રોજ રીંગ રોડ માર્કેટ વિસ્તારમાં તથા ૦૨/૦૧/૧૫ ના રોજ ઉમરવાડા હેલ્થ સેન્ટર તથા તેની આસપાસ આવેલ ડી ટાઈપ ટેનામેન્ટ વિસ્તારમાં સઘન વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ ના માર્ગદર્શન હેઠળ આસી. કમિશનરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા આકારણી વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી હતી.જેમાં મિલ્કત વેરો બાકી હોય તેવા બાકીદારો પર કડકાઈથી ઉઘરાણી કરતા બાકીદારોએ સ્થળ પર જ રૂા.૫,૦૫,૭૦૦/– ચુકવી દીધા હતા. આમ બે જ દિવસમાં રૂા.૧૧,૧૫,૦૦૦/–ની વેરા વસુલાત થયેલ હતી.

તા.૧૨/૦૧/૧૫ તા.૧૩/૦૧/૧૫ તથા તા.૧૬/૦૧/૧૫ ના રોજ લિંબાયત ઝોન માં આવેલ મીઠીખાડી ઝુપડપટ્ટી વિસ્તારમાં વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમા બાકીદારોએ સ્થળ પર જ રૂા.૨૦,૦૧,૦૦૦/– ચુકવી દીધેલા હતા. આમ તા.૦૧/૦૧/૧૫ થી તા.૦૨/૦૧/૧૫,તા.૧૨/૦૧/૧૫ થી ૧૩/૦૧/૧૫ અને તા.૧૬/૦૧/૧૫ દરમ્યાન સમગ્ર લિંબાયત ઝોનમાંથી કુલ રૂા.૧,૧૯,૩૩,૨૮૦/– વેરા વસુલાત કરેલ છે.

વધુમાં આવનારા દિવસોમાં રાજી નગર,ઓમ નગર ,ચીમની ટેકરા,જુના ડેપો વગેરે માન દરવાજા વિસ્તારમાં આવેલ સ્લમ વસાહટોમાં પણ સઘન વેરા વસુલાતની ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

## સુરત શહેર માટે મા.મુખ્યમંત્રીશ્રીનો હકારાત્મક અભિગમ

આજરોજ મા.મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રશ્નો બાબતે ગાંધીનગર ખાતે મળેલ મીટીંગમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જી.આર.અલોરીયાI.A.S., મહેસુલ અને નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જે.એન.સિંગ I.A.S., શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ અને સુરતના પ્રભારી સચિવ શ્રી અરવિંદ અગ્રવાલ I.A.S., વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પી.કે.તનેજા I.A.S., મા.મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના અગ્રસચિવ શ્રી જી.સી.મુર્મુ I.A.S., બંદર અને વાહન વ્યવહાર વિભાગના અગ્રસચિવ શ્રી રાજગોપાલ I.A.S., કૃષિ અને સહકાર વિભાગના અગ્રસચિવ શ્રી રાજકુમાર I.A.S., ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચીફ એકઝીકયુટીવ ઓફિસર શ્રી એ.કે.રાકેશ I.A.S., મા.મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અજય ભાદુ I.A.S., સુરત શહેરના મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા, મ્યુ.કમિશનર શ્રી મિલિન્દ તોરવણેI.A.S., કલેકટરશ્રી ડો.રાજેન્દ્રકુમાર I.A.S. તથા પી.ડબલ્યુ.ડી. ના મુખ્ય ઈજનેરશ્રી હાજર રહયા હતા.

મીટીંગમાં મા.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા અને મા.કમિશનર શ્રી મિલિન્દ તોરવણે તરફથી કરવામાં આવેલ રજુઆત અન્વયે નીચે મુજબ ચર્ચા–વિચારણા કરી સરકારશ્રી તરફથી હકારાત્મક અભિગમ દાખવી નિર્ણય કરવામાં આવ્યો.

૧. સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ૫૩૬૬ ચો.મી. જગ્યામાં આવેલ છે. મુખ્ય કચેરી ખાતે પાર્કિંગની સમસ્યા છે અને છેવાડાના વિસ્તારોથી આશરે ૧૩ કિ.મી. દુર આવેલી છે. મુખ્ય કચેરીની દરરોજ ૧૫૦૦ થી ૨૦૦૦ મુલાકાતીઓ મુલાકાત લે છે અને સુરત મહાનગરપાલિકાના ૩૦૦૦ જેટલા કર્મચારીઓની અવરજવર રહે છે. તેમજ મુખ્ય કચેરી સાંકળા રસ્તા ઉપર આવેલ હોય, સુરત મહાનગરપાલિકા તરફથી સરકારશ્રીને સુરત શહેરમાં આવેલ સુરત જીલ્લા જુના સબજેલ વાળી આશરે ૨૨,૧૦૦ ચો.મી. જેટલી ખાલી જગ્યા સુરત મહાનગરપાલિકાને ફાળવવા અંગેની રજુઆત કરવામાં આવેલ.

ઉકત રજુઆત બાબતે સરકારશ્રી તરફથી સુરત મહાનગરપાલિકાને ઉકત જગ્યા ફાળવી આપવાની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. સદરહુ પ્લોટ એરીયા આશરે ૨૨,૧૦૦ ચો.મી. જેટલી જગ્યા સુરત મહાનગરપાલિકાને સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા મહેસુલ વિભાગના સંકલનમાં ફાળવી આપવાનું નકકી કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાએ સદરહુ વિસ્તાર જેટલી પોતાના હસ્તકની જગ્યા સરકારશ્રીને ફાળવી આપીએથી સબજેલની જગ્યા સુરત મહાનગરપાલિકાના નામે તબદીલ કરી આપવાની સૈધ્ધાંતિક સમંતિ આપેલ છે.

આ જગ્યાએ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી બનાવવા માટે સંભવતઃ મા.મુખ્યમંત્રીશ્રી ધ્વારા સુરત સુધરાઈ સ્થાપના દિને (૧૫ મી મે, ૧૮૫૨) એટલે કે તા.૧૫/૦૫/૨૦૧૫ ના રોજ ખાતમુર્હુત કરવા અંગેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ પ્રથમ તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૯૦,૩૨૯, દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૭,૨૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ. કામગીરી દરમ્યાન કુલ રૂા. ૧૫,૨૬,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. (જે ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓની વિગતવાર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે.) પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ થયા બાદ બીજા તબકકાની કામગીરી તા.૦૫ જાન્યુઆરી ૨૦૧૫ થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન, સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની બીજા તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે અન્વયે દરેક ઝોન દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવેલ. આ બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૭૭૧૦૭ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૩૬૪૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૩૧૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા. ૪,૬૭,૬૦૦ /– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. (જે ૩૧૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓની વિગતવાર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર મુકવામાં આવશે.)

આમ, પ્રથમ અને બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી કુલ ૧૬૭૪૩૬ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૧૫૦૯૪૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૫૦૬૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, બંને તબકકાની કામગીરી દરમ્યાન કુલ રૂા.૧૯,૯૪,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં, આ અંગે ત્રીજા તબકકાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા માહે એપ્રિલ'૨૦૧૫ દરમ્યાન તા.૦૬/૪/૨૦૧૫ થી તા.૧૧/૪/૨૦૧૫ સુધી હાથ ધરવામાં આવનાર છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૨૯૦૦ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૪૪૦ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૬૦ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૨૬ આવાસ, સુડા હસ્તકના ૮ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૩૬ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

તા.૧૯/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૨૮૮ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં LIG-20 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર G અને H તથા LIG-21 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર A, B અને D ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

## " પ્રેસનોટ " – સુરત મહાનગરપાલિકા –" સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક/ બાગાયત –હર્બલ/ શિલ્પગ્રામ મેળો–૨૦૧૫ "

સુરત મહાનગરપાલિકાને સુરત શહેરની જનતાને પ્રજાલક્ષી સુવિધાઓ આપવા માટે અનેક એવોર્ડ મેળવ્યા છે. જીવનમાં પુસ્તકોનું મુલ્ય અમુલ્ય છે.સતત પ્રગતિ કરવા માટે વાંચન જરૂરી છે જીવનમાં પુસ્તકોનું ઋણ મહત્વપુર્ણ છે.આ વિચારધારા સાથે સુરત મહાનગરપાલિકા સ્વામી વિવેકાનંદ ૧૪મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિધા–૨૦૧૫",૧૨મો રાષ્ટ્રીય બગાયત–હર્બલ મેળો અને ફલાવર શો" સુમન–૨૦૧૫" તથા શિલ્પગ્રામ મેળો–૨૦૧૫" નું ઉદ્‌ઘાટન તા.૨૩/૦૧/૨૦૧૫ ના શુક્રવારના રોજ ગુજરાતી ભાષાના સુપ્રસિધ્ધ સાહિત્યકાર,અને ગઝલકાર માનનીય શ્રીઅંકિત ત્રિવેદીના વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

સદરહુ મેળામાં સ્ટોલના બુકીંગની કામગીરી નિયત સમયમાં અરજીઓ મેળવી રૂબરૂમાં ડ્રો કરી ફાળવણી કરવામાં આવતી હતી. જેમાં ગુજરાત રાજય ઉપરાંત દેશના અન્ય રાજયોમાંથી પણ વિવિધ સંસ્થાઓ / એજન્સીઓ ભાગ લેતી આવેલ છે. જે માટે તેઓએ સુરત ખાતે રૂબરૂ આવી સ્ટોલ બુક કરાવવા પડતા હતાં. જે માટે તેઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. સદર હું બાબતે મળતી વારંવાર રજુઆત તથા તેઓને પડતી મુશ્કેલીઓ સુરત મહાનગરપાલિકાના ધ્યાને આવતા મહાનગરપાલિકા ધ્વારા અન્ય ઓન લાઈન સેવાની જેમ સદરહુ સ્ટોલ બુકીંગની સેવા પણ સૌ પ્રથમવાર તા.૦૫/૦૧/૨૦૧૫ થી ઓન લાઈન બુકીંગ માટે વિવિધ સંસ્થાઓને એડવાન્સમાં વિવિધ માધ્યમો ધ્વારા જાણ કરવામાં આવેલ. જેને બહોળા પ્રતિસાદ મળતા તા.૦૫ અને ૦૬ જાન્યુઆરી ૨૦૧૫, ૨ (બે) દિવસમાં કુલ્લે ૨૨૪ પૈકી ૧૮૪ સ્ટોલનું ઓન લાઈન બુકીંગ થયેલ.

સને–૨૦૧૩ ના પુસ્તક મેળામાં વિધાના–૧૨૨ સ્ટોલ,શિલ્પગ્રામ–૭૨ સ્ટોલ,હર્બલ અને ફલાવરના–૧૮ સ્ટોલ આમ કુલ–૨૧૨ સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા.સને–૨૦૧૪ ના પુસ્તક મેળામાં વિધાના–૧૦૯ સ્ટોલ,શિલ્પગ્રામ–૭૭ સ્ટોલ,હર્બલ અને ફલાવરના–૧૮ સ્ટોલ તથા અન્ય–૨૦ સ્ટોલ આમ કુલ–૨૨૪ સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા અને અંદાજીત ૩૯ લાખ ની આવક થયેલ હતી.

સુરત મહાનગરપાલિકાના બાગબગીચાખાતા દ્રારા તા.૨૩/૦૧/૧૫ થી તા.૨૭/૦૧/૧૫ ના રોજ બારમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર – હર્બલ ફેર તથા ફલાવરશોનું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળાના સમયગાળા દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે કટ ફલાવર, તાજા ફુલોની ગોઠવણી ટાઙ્ઘિભ્ચ્ બચ્ચ્બ્ઘ્ન?ભ્ઘ્ત્ચ્લ ઈન્ડોર/આઉટડોર ફુલછોડના કુંડા, બોન્સાઈ, કેકટસ, સુકા ફુલોની ગોઠવણી, ફલાવરીંગ/ સીઝનલ પોટ પ્લાન્ટ, રોપાઓથી તૈયાર કરેલ હેંન્ગીગ બાસ્કેટ એરેન્જમેન્ટ, ઔષધિય/ સુગંધી વનસ્પતિના કુંડા, એરોમેટીક પોટ પ્લાન્ટસ, આર્ટીફીસીયલ ફલાવર એરેજમેન્ટ, ફુલોના ગજરા, ફુલોની વેણી, ફુલોના હાર, ફુલોના તોરણ, સલાડ ડેકોરેશન, વિગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે. ૨૦૧૩ માં ૪૭૯,૨૦૧૪માં ૪૪૪ જેટલા સ્પર્ધકોઓએ ભાગ લીધેલ હતો.

આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૩/૦૧/૨૦૧૫ના રોજ ધો.૮ થી ૧૨ની જનરલ નોલેજ કવીઝ સ્પર્ધા, તા.૨૪/૦૧/૨૦૧૫ના રોજ ધો.૪ થી ૮ની નિબંધ સ્પર્ધા તથા માધ્યમિક, કોલેજ અને સીનીયર સીટીઝન વિભાગની ગૃપ ડિસ્કશન સ્પર્ધા, તા.૨૫/૦૧/૨૦૧૫ના રોજ ધો. ૯ થી ૧૨ની સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા(વેસ્ટમાંથી બેસ્ટ), તા.૨૬/૦૧/૨૦૧૫ના રોજ ધો. ૯ થી ૧૨ની દેશભકિત પર આધારીત ગૃપ ડાન્સ કોમ્પીટીશન તથા તા.૨૭/૦૧/૨૦૧૫ના રોજ ધો. ૧ થી ૫ની વેશભૂષા હરિફાઈનું આયોજન કરવામાં આવેલ છે. આ તમામ સ્પર્ધાઓના ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૨૨/૦૧/૨૦૧૫ સુધી પરત કરવાના રહેશે. આ સ્પર્ધાઓના ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

વધુમાં પુસ્તક મેળા–૨૦૧૩ના સેમીનાર હોલ ખાતે યોજાયેલ ગૃપ ડિસ્કશન, રંગપૂરણી સ્પર્ધા, પ્રોજેકટ પ્રેઝન્ટેશન, સર્જનાત્મક કામગીરી, વકતૃત્વ સ્પર્ધા એમ ૫ સ્પર્ધાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ખુલ્લો વિભાગ મળી કુલ : ૧૫૭૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો તથા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેને શહેરની પુસ્તક પ્રેમી જનતાએ ઉત્સાહભેર માણ્યા હતા.પુસ્તક મેળા–૨૦૧૪ના સેમીનાર હોલ ખાતે યોજાયેલ ગૃપ ડિસ્કશન, સ્પોર્ટસ પર આધારિત ફન ગેમ્સ, સુલેખન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, જનરલ નોલેજ કવીઝ, વેશભૂષા હરિફાઈ, દેશભકિત પર આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન એમ ૯ સ્પર્ધાઓમાં પ્રાથમિક,

માધ્યમિક અને ખુલ્લો વિભાગ મળી કુલ : ૧૬૨૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો તથા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેને શહેરની પુસ્તક પ્રેમી જનતાએ ઉત્સાહભેર માણ્યા હતા.

સને–૨૦૧૪ ના સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ની મુલાકાત બહોળી સંખ્યામાં લોકોએ લીધી હતી અને વિવિધ સ્પર્ધામાં ભાગલીધેલ હતો અને પુસ્તકમેળાને સફળ બનાવ્યો હતો તેવી રીતે આ વર્ષે–૨૦૧૫ ના પુસ્તકમેળામાં બહોળી સંખ્યામાં પુસ્તકમેળાની મુલાકાત,તથા વિવિધ સ્પર્ધામાં ભાગલેવા માટે અનુરોધ કરવામાં આવે છે.

# મ.ન.પા.આયોજીત પુસ્તક મેળામાં સ્થળ ઉપર જ સભ્યપદ અપાશે અને પુસ્તક દાન સ્વીકારાશે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા આગામી તા.૨૩/૦૧/૨૦૧૫ થી ૨૭/૦૧/૨૦૧૫ દરમ્યાન અઠવાગેટ,વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજીત ૧૪મા રાષ્ટ્રીય પુસ્તક મેળા દરમ્યાન વધુમાં વધુ વાચક મિત્રોને પ્રેરિત કરી શકાથ તેવા ઉમદા હેતુથી મ.ન.પા. ધ્વારા સંચાલિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય અને વિવિધલક્ષી વાંચનાલયનું સભ્યપદ મેળવવા ઈચ્છતા હોય, તેવા મુલાકાતીઓને મેળામાં મ્યુનિસીપલ લાયબ્રરી વિભાગના સ્ટોલ ઉપર અલાયદા બનાવવામાં આવેલ કાઉન્ટર ખાતેથી તરત જ સભ્યપદ આપવામા આવશે જે માટે મુલાકાતીઓ ધ્વારા ઓળખ/રહેઠાણ નો પુરાવો રજુ કરી,સભ્યપદ ફી ની નીયત રકમ સ્થળ ઉપર જ જમા કરવાની રહેશે

વધુમાં સુરત શહેર અને જીલ્લની પુસ્તક પ્રેમી જનતા ધ્વારા મ.ન.પા સંચાલિત જાહેર પુસ્તકાલયો માટે પુસ્તકો ભેટ આપવાની ઈચ્છા ધરાવતા હોય તેવા,પુસ્તક દાતાશ્રી મ.ન.પા આયોજીત પુસ્તકમેળામાં મ્યુ.લાયબ્રેરી વિભાગના સ્ટેલ ખાતે બનાવવામા આવેલ અલાયદા કાઉન્ટર ઉપર એક,અગીયાર,એકસો અગીયાર અથવા એક હજાર એક સો અગીયાર પુસ્તકો અથવા તે માટે  સુરત મહાનગરપાલિક ધ્વાર નકકી કરેલ રકમ બીન શરતી ભેટ આપી શકાશે જે બદલ મ.ન.પા દાતાશ્રીને સ્થળ ઉપર જ પ્રશસ્તિ પત્ર,સ્મૃતિભેટ અપર્ણ કરાશે.

આથી મ.ન.પા.ની.ઉપર મુજબની યોજનાઓ નો પુસ્તક મેળા દરમ્યાન વધુમા વધુ લાભ લેવા મ.ન.પા.ધ્વારા જાહેર જનતાનો અપીલ કરવમા આવે છે

## પ્રેસનોટ

## પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર

પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ પટેલનગર, હળપતિવાસ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૧૭ લાભાર્થીઓ, રાજીવનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૬ લાભાર્થીઓ, રામભાઈ દૂધવાલાની ચાલના માન્ય યાદીના–૧૫ લાભાર્થીઓ, શકિતવિજય ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૪ લાભાર્થીઓ, જવાહરનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૬ લાભાર્થીઓ તથા ધરતીનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૧ લાભાર્થીઓ મળી કુલ –૪૯ લાભાર્થીઓને ટી.પી. ૭ (વેસુ) ફા.પ્લોટ નં. ૧૨૫(૩૩ લાભાર્થીઓ), ટી.પી. ૧૪ (પાલ) ફા.પ્લોટ નં. ૧૬૫ (૧૦ લાભાર્થીઓ) તથા ટી.પી. ૧૪ (પાલ) ફા.પ્લોટ નં. ૧૬૦ (૦૬ લાભાર્થીઓ)ને સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૭.૦૧.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વરાછા ઝોન ઓફિસ ખાતે પૂર્વ ઝોન (વરાછા) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

-: પ્રેસ નોટ :-

## " નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે "

# સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યક્રમના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૫૨,૩૪૮ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી.



બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૨૬૯૬ રસીકરણ બુથ તથા મોબાઈલ–ટ્રાન્ઝીટ ટીમ મળી કુલ–૨૮૬૬ ટીમો મારફતે પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આજ રોજ પાલનપોર શહેરી આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્ર વિસ્તારની, આંગણવાડી કેન્દ્ર નં. ૪૧, સંતતુકારામ–૨,પાલનપોર,સુરત ખાતે માનનીય મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના શુભ હસ્તે બાળકોને પોલીયોની રસી પીવડાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે સ્થાયી સમિતિના ચેરમેન શ્રી.નિરવ શાહ,આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી.અનિલ બીસ્કીટવાલા,હોસ્પિટલ સમિતિના ચેરમેન ડૉ.રવિન્દ્ર પાટીલ,માજી સ્થાયી સમિતિ ચેરમેન મુકેશ દલાલ,સ્થાનિક કોર્પોરેટર પ્રવિણ પટેલ, તથા ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડૉ.હેમંત દેસાઈ,ઈ.ચા.આરોગ્ય અધિકારી ડૉ.કે.એ.શ્રોફ,રાંદેર ઝોનના આસી.કમિશ્નર આર.પી.પટેલ,ડબ્લ્યુએચઓના એસએમઓ ડૉ.ચિરાગ વાલીયા,મેડીકલ ઓફીસર(વર્ગ–૧)કુટુંબ કલ્યાણ બ્યુરો ડૉ.અરૂણા પટેલ,મેડીકલ ઓફીસર (આઈસીડીએસ)ડૉ.એચ.કે. સોંધરવા, સીડીપોઓ તથા અન્ય અધિકારી/ કર્મચારીગણ હાજર રહયા હતા.

કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય કાર્યક્રરો આજરોજ પ્રથમ દિવસે રસીકરણ બુથ ઉપર તથા <u>તા.૧૯/૦૧/૨૦૧૫ થી તા.૨૧/૦૧/૨૦૧૫</u> ૩ (ત્રણ) દિવસ દરમ્યાન ઘરે–ઘરે ફરી રસી પીવડાવશે. ફેબ્રુઆરી–૧૯૯૯ પછી સુરત શહેરમાં પોલિયોનો એક પણ કેસ થયો નથી.

**"નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" નિમીત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે પાંચ વર્ષ સુધીના <u>૪,૫૨,૩૪૮</u> બાળકોને પોલિયોનાં ડોઝ પીવડાવવામાં આવ્યા હતા.પાંચ વર્ષ સુધીના બાળકોની અંદાજીત સંખ્યા <u>૬,૩૬,૧૩૭</u> છે.આમ કુલ <u>૭૧.૧૧ %</u> કામગીરી પ્રથમ દિવસના અંતે કરવામાં આવી હતી.**

આ કામગીરી માટે ૩૭ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર નિયત કરવામાં આવ્યા હતા. જેમાં ૭૭ મેડીકલ ઓફીસરો, ૪૧૯ સુપરવાઈઝરો, સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા અન્ય સંસ્થાઓના સ્ટુડન્ટો મળીને ૨૮૬૬ પેરામેડીકલ વર્કરો, ૫૭૩૨ સહાયક કર્મચારીઓ મળી કુલ–૯૦૯૪ થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો હતો. સુરત એરપોર્ટ, સુરત–ઉધના રેલ્વે સ્ટેશન, એસ.ટી.ડેપો,રેલ્વે પ્લેટફોર્મ પર, સ્થાનિક બસ ડેપો, નેચર પાર્ક, શોપીંગ મોલ ખાતે બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ ઉપરાંત મોબાઈલ ટીમ દ્વારા સુરત શહેર પ્રવેશ પાસેનો વિસ્તાર,રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, કન્સ્ટ્રકશન સાઈટ, ઘર વિહોણા ફુટપાથ વાસીઓ વગેરેને પણ આવરી લેવામાં આવ્યા હતા.

**નોંધઃ–નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે પોલિયોની રસીથી વંચિત રહી ગયા હોય તેવા બાળકોને તાઃ ૧૯(સોમવાર), તાઃ૨૦(મંગળવાર) તથા તાઃ૨૧ (બુધવાર)ના રોજ મહાનગરપાલિકાના આરોગ્ય કાર્યકરો જયારે તમારા વિસ્તારમાં આવે ત્યારે પોલિયોનાં ડોઝ પીવડાવી બાળકને સંપૂર્ણ રક્ષિત કરશો અને બાળ લાકવા નાબુદી ઝુંબેશમાં સહભાગી બનશો..**

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૧/૨૦૧૫ અને તા.૧૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૦૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૯૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૬૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૭૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ કુબેરનગર પારસ સોસાયટી,ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ,, ડભોલી સીંગણપોર રોડ,બાપાસીતારામ ચોક,મગનનગર વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર સોસાયટી વિગેરેમાંથી વેરા પેટે રૂા. **૧૮,૬૭,૭૪૬/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા. ૪,૭૦,૨૨૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૪૭ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૬,૭૪,૨૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૧,૩૯,૬૭૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૫૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૬/૦૧/૨૦૧૫ નાં રોજ સફાઈ તથા કચરા પરિવહનની કામગીરીમાં ઉપયોગમાં લેવાતા તમામ પ્રકારના વાહનો અને સાધન–સામગ્રીની સફાઈ કરી, પાણી ડીટરજન્ટથી ધોવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

જે અંતગર્ત ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરતાં વાહનો – ૩૧૬, ડમ્પર પ્લેસર (કન્ટેઈનર વાહન ) – ૧૪૬, ટ્રક – ૨૯, લોડર મશીન – ૧૬, ટ્રેકટર/ટ્રેલર – ૪૪ તેમજ સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશન કામગીરી માટે વપરાતા કલોઝબોડી કન્ટેઈનર વાહનો – ૩૫, ઉપરાંત, સાફ–સફાઈ માટે વપરાતા સાધન–સામગ્રીની સફાઈ કરી પાણીથી ધોવડાવવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા હાલમાં ઝોનનાં જુદા–જુદા ટી.પી. રસ્તા ઉપરનાં કોમર્શીયલ બાંધકામોમાં રોડને લાગુ માર્જીનમાં પતરાના શેડ બનાવી અનઅધિકૃત કોમર્શીયલ ઉપયોગ કરતા હોવાનું ધ્યાને આવતાં સદર પતરાના શેડ દૂર કરી પાર્કીંગ ખુલ્લુ કરવાની ઝુંબેશનાં ભાગરૂપ આજરોજ તા.૧૯/૦૧/૨૦૧૫ ને સોમવારના રોજ ધબકાર સર્કલથી મોરાભાગળ સુધીના વિસ્તાર પૈકી ધબકાર સર્કલથી જુની રાંદેર ઝોન ઓફિસ સુધી આવેલ મિલ્કતોમાં આગળના માર્જીનવાળા ભાગનાં અનઅધિકૃત પતરાનાં શેડ દૂર કરી પાર્કીંગ ખુલ્લુ કરવામાં આવેલ છે, જેને કારણે પાર્કીંગ સદર ભાગમાં થતાં ભવિષ્યમાં રસ્તા ઉપર થતા ટ્રાફિક જામની સમસ્યાનો પણ મહદઅંશે નિરાકરણ થવા પામશે.

ઉપરોકત કામગીરી ઈ.ચા. એડી. સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર) ના શહેર વિકાસ ખાતાના સ્ટાફ ધ્વારા સફળતા પૂવર્ક પૂર્ણ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૩૧૮૮ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૭૦૧ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા, જયારે ૪૮૭ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૩૪ આવાસ, સુડા હસ્તકના ૮ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૪૪ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

આવતીકાલે તા.૨૦/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૩૦૪ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં LIG-21 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર C તથા LIG-22 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર A થી F ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

## પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૬૧૧૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૨૯૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૩ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી.,વેડરોડ પંડોળ ઈન્ડ. વિભાગ, વેડરોડ થી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર સોસાયટી વિગેરેમાંથી વેરા પેટે રૂા. **૧૫,૫૭,૮૬૨/–** વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી **રૂા. ૧,૬૭,૪૦૦/–** વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની ૨૯ અરજી મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે **રૂા.૭,૪૫,૯૦૮/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૨,૬૩,૪૬૫/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૪૧(ડીંડોલી),ફા.પ્લોટ નં. ૪૮ માં સ્થિત ગાયત્રીનગર સોસાયટી વિભાગ–૧ ના સબ પ્લોટ નં. ૧ ના મિલ્કતદારશ્રી સુધીરભાઈ શિંદે તરફથી સોસાયટીને લાગુ ૯.૦ મી.ના ટી.પી.રસ્તામાં આશરે ૩૦૦ ચો.ફુટ ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ કરવામાં આવેલ. જે બાબતે સોસાયટીના રહેવાસીઓ તરફથી અત્રે ઝોન કચેરી ખાતે મૌખિક ફરીયાદ કરવામાં આવતા, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના શહેર વિકાસ,દબાણ સ્ટાફ દ્વારા ડીમોલીશનની કામગીરી હાથ ધરી ગેરકાયદેસર બાંધકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ તેમજ મિલ્કતદાર પાસે રૂા. ૨૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ.તેમજ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેસ્તાન– ભેદવાડ),ફા.પ્લોટ નં. ૧૨૮ માં આવેલ અંબિકાનગર સોસાયટી વિભાગ–૨ ના સબ પ્લોટ નં.૨૬ તથા ૧૨૮ ને લાગુ માર્જીનની જગ્યામાં અજાણયા ઈસમો દ્વારા ગેરકાયદેસર કબ્જો કરી હંગામી બાંધકામ કરવામાં આવેલ. જે સ્થળ પરથી દુર કરવામાં આવેલ.

## સુરત મહાનગરપાલિકા – પશ્ચિમ ઝોન(રાંદેર) – જાહેર નોટીસ / સૂચના

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)માં મે. કમિશ્નરશ્રીની સૂચના અન્વયે અડાજણ પાટિયા ધબકાર સર્કલથી મોરાભાગળ સુધીના રાંદેર મેઈન રોડની બંને તરફે આવેલ મિલ્કતોમાં આગળના માર્જીન વાળા / પાર્કિંગવાળા ભાગમાં અનઅધિકૃત ઓટલાનું દબાણ / પાર્કીંગમાં અવરોધરૂપ દિવાલ / ફેન્સીંગ / આડસ / હોર્ડિંગ્સ–બોર્ડ–બેનર્સ / મંજૂર પ્લાન વિરૂધ્ધનું બાંધકામ / દબાણના કારણે જાહેર જનતાને પાર્કીંગમાં અગવડો ઉભી થતી હોય, સદર અનઅધિકૃત દબાણ / બાંધકામ તા.૨૭/૦૧/૨૦૧૫ સુધીમાં સ્વૈચ્છાએ દૂર કરી મહાનગરપાલિકાને સહકાર આપવા વિનંતી, અન્યથા દબાણ / અનઅધિકૃત બાંધકામ / હોર્ડિંગ્સ–બોર્ડ–બેનર્સ નું દબાણ દૂર કરવાની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા તરફથી મિલ્કતદારોના ખર્ચે અને જોખમે દૂર કરી કાયદેસરના પગલાં ભરવામાં આવશે. તેમજ પશ્ચિમ ઝોન(રાંદેર)માં પ્રાઈમ આર્કેડથી એલ.પી.સવાણી સ્કુલ સુધીનો હનીપાર્ક રોડ તથા એલ.પી.સવાણી સ્કુલથી સ્ટાર મોલ સુધીના રસ્તા વિગેરે અન્ય " ૦ " દબાણ રૂટ ઉપર પણ આ પ્રકારની કાર્યવાહી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

# NOTIFICATION

## Government of Gujarat
## Urban Development and Urban Housing Department
## Sachivalaya, Gandhinagar.
## 20th January, 2015.

**Gujarat Provincial Municipal Corporation Act, 1949**

**NO. KV-39 of 2015 - ELE – 102014 – 5017 – P** :- the Government of Gujarat in exercise of the powers conferred by sub-clause (a) of clause (iii) of sub-section (3) of section 5 read with sub-sections (4), (5),(6) and (7) of the Gujarat Municipal Corporations Act, 1949 ( Bom. LIX of 1949) (hereinafter referred to as "the said Act") under the Government Notification of Urban Development and Urban Housing Department No. KV-59 of 2010-ELE-102009-526-P dated the 7th May, 2010 has determined the number of seats reserved for Scheduled Castes, Scheduled Tribes, Backward Classes and Women for the Surat Municipal Corporation;

**AND WHEAREAS**, the number of Wards and Councillors, number of seats to be reserved for Scheduled Castes, Scheduled Tribes, Backward Classes and Women is required to be ascertained in accordance with the figures of the population as declared on the basis of Census-2011 as also in view of the provisions of section 5 of the said Act;

**AND WHEAREAS,** the General Election of the Municipal Corporation of the city of Surat is to be held;

**NOW THEREFORE,** in exercise of the powers conferred by sub-clause (a) of clause (iii) of sub-section (3) of section 5 read with sub-sections (4), (5), (6) and (7) of section 5 of the said Act, so far as the city of Surat is concerned, the Government of Gujarat hereby determines the numbers of Wards and seats as follows:-

(1) The areas of the City of Surat shall be divided into Twenty-Nine (29) Wards and the Municipal Corporation of the City of Surat shall consist of One Hundred and Sixteen (116) elected Councilors;

(2) Out of the One hundred and sixteen(116) seats:-

I. **Three** (3) Seats shall be reserved for persons belonging to the Scheduled Castes, out of

which **One** (1) Seat shall be reserved for woman belonging to the Scheduled Castes;

II. **Three** (3) Seats shall be reserved for persons belonging to the Scheduled Tribes, out of which **One** (1) Seat shall be reserved for women belonging to the Scheduled Tribes,

III. **Twelve** (12) Seats shall be reserved for the persons belonging to the Backward Classes out of which **Six** (6) seats shall be reserved for women belonging to the Backward Classes;

IV. **Fifty-eight** (58) Seats shall be reserved for the women (including the number of seats reserved for the women belonging to Scheduled Castes, Schedule Tribes and the Backward Classes referred to as above).

By order and in name of the Governor of Gujarat.

(Ashoksinh Parmar )
Deputy Secretary to Government

To,

- The Manager, Government Central Press, Gandhinagar-with a request to publish the above Government Notification in Extra ordinary issue of Government Gazette part-IA Central Section dated 20/01/2015 positively and further requested to arrange to further requested to arrange to furnish 100 copies thereof to this department positively.
- The State Election Commissioner, Gujarat State Election Commission, Gandhinagar (By Letter).
- All the Heads of the Departments, Sachivalaya, Gandhinagar.
- The Municipal Commissioner, Surat Municipal Corporation, Surat.
- The Collector, Surat District, Surat.
- The DDO, Surat District, Surat.
- System Manager with a request to upload on the department's website.
- Branch Select file

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૯/૦૧/૨૦૧૫ નાં રોજ તમામ ઓવારા, ઓવરબ્રીજો, નદી અને ખાડી પરના બ્રીજોની સાફ–સફાઈ અને નદી–તળાવ, ખાડી કિનારા, નહેરની વિસ્તારોમાં સાફ–સફાઈ તથા જમા થયેલ કચરાના નિકાલની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત ૩૦ – ઓવારા, ૨૬ – ઓવરબ્રીજ, ૩૧– નદી અને ખાડી પરના બ્રીજો, નદી / તળાવ / ખાડી/ નહેર કિનારા વિસ્તારની સફાઈના સ્થળોની સંખ્યા –૬૫. ઘનિષ્ઠ સાફ–સફાઈ કામગીરી કરાવ્યા બાદ એકત્રિત થયેલ મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૦૫/૦૧/૨૦૧૫ થી તા.૧૧/૦૧/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ મળી કુલ રૂા.૬૭,૫૮૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

## "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ"

**ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૮ મી જન્મજયંતિ ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૩/૦૧/૨૦૧૫ ને શુક્રવાર ના રોજ ૮:૩૦ કલાકે ગોપીપુરા,સુભાષચોક,સુરત ખાતે સુતરાંજલી/પુષ્પાંજલી નો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપનાકરી આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને મા.મેયરશ્રી અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સુતરાંજલી/પુષ્પાંજલી બાદ શાળાના વિધાર્થીઓ સુભાષચંદ્ર બોઝના જીવન પર વ્યકતવ્ય રજુ કરશે.જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.**

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ તા.૦૫/૦૧/૨૦૧૫ થી આજદિન સુધી કુલ – ૩૪૯૨ લાભાર્થીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પૈકી ૨૯૭૬ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફ્ટ સાથે હાજર રહયા હતા, જયારે ૫૧૬ લાભાર્થીઓ હાજર રહયા નથી. સુરત મહાનગરપાલિકા હસ્તકના કુલ ૧૩૭ આવાસ, સુડા હસ્તકના ૮ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ૨ આવાસ મળી કુલ–૧૪૭ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

આવતીકાલે તા.૨૧/૦૧/૨૦૧૫ ના રોજ કુલ–૩૩૭ લાભાર્થીઓને પુરાવા, એફીડેવીટ તથા ડિમાન્ડ ડ્રાફ્ટ વિગેરે સાથે હાજર રહેવાનું છે. જેમાં LIG-23 સ્કીમ હેઠળ બિલ્ડીંગ નંબર A, B અને C, LIG-24 ના બિલ્ડીંગ નંબર A, B અને C તથા LIG-25 ના બિલ્ડીંગ નંબર A અને B ના લાભાર્થીઓને હાજર રહેવાનું છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૬/૧૨/૨૦૧૪ થી તા.૩૧/૦૧/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૦/૦૧/૨૦૧૫ નાં રોજ શહેરમાં મુકવામાં આવેલ મહાનુભાવોની પ્રતિમાઓ, ટ્રાફીક સર્કલની અંદર તેમજ બહારની તથા જાહેર બાગ–બગીચા અને તેમાં આવેલ શૌચાલય, પાણીની ટાંકીઓ, વોટર કુલર, વોટર ફીલ્ટર વિગેરેના સાફ–સફાઈ તથા પીવા લાયક પાણી મળી રહે તે મુજબ મેઈન્ટેનન્સની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત ૨૭ – મહાનુભાવોની પ્રતિમાઓ, ૧૧૦ – સર્કલની સાફ સફાઈ, ૩૦ – જાહેર બાગ–બગીચા, તેમજ ઘનિષ્ઠ સાફ–સફાઈ કામગીરી કરાવ્યા બાદ એકત્રિત થયેલ મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન , ઉધના ઝોન,રાંદેર ઝોન, વરાછા ઝોન વિસ્તારમાંપૈકી(૧).ડીંડોલીવોર્ડઓફીસપ્રા.શાળા–૧૯૦.૯૭લાખ(૨)આસપાસનગર પાસે પ્રા.શાળા૧૦૭.૧૯લાખ(૩).મલ્ટીએકટીવીટી–૩૫.૯૯લાખ (૪)પરવત ગોડાદરા ખાતે પાર્ટી પ્લોટ ૯૨.૨૯ લાખ (૫)દંતોરા જકાતનાકા પાસે ખાડી બ્રીજ–૧૬૩.૭૬લાખ (૬)ભેદવાડખાડીપુલ ૨૭૫લાખ (૭) વરિયાવગામ ખાડી બ્રીજ–૨૭૨લાખ (૮) વરાછામાં બુટભવાની સોસાયટી પાસે બ્રીજ વાઈડનીંગ–૨૪૭.૫૨ લાખ કુલ અંદાજીત – ૧૩૮૫.૫૨ લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ઉદ્દઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને શહેર બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી વિનોદભાઈ મોરડીયા, સાંસ્કૃતિક સીમતિના અધ્યક્ષાશ્રીમતિ કિશોરીબેન કાપડીયા ના વરદ્દહસ્તે તા. ૨૭/૦૧/૨૦૧૫ તથા તા. ૨૮/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકા સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારની પ્રજાની સુખાકારી માટે સતત કાર્યરત છે. ઉપરોકત વિવિધ પ્રકલ્પો પૈકી લિંબાયત ઝોન ખાતે પ્રાથમિક શાળા, મલ્ટીએકટીવીટી સેન્ટર, પાર્ટી પલોટ ઉધના ઝોન ખાતે દંતોરા ભેદવાડ ખાડી પુલ,રાંદેર ઝોનમાં વરીયાવ ખાતે પુલ, વરાછા ઝોન વિસ્તારમાં સહજાનંદ બૂટભવાની પાસે હયાત ખાડી બ્રીજનું ઉદ્દઘાટન કરવામાં આવશે. ઝોન વિસ્તારમાં પ્રાથમિકશાળા બનવાથી આજુબાજુના વિસ્તારના વિધાર્થીઓને શાળાની સુવિધા પ્રાપ્ત થશે.મલ્ટીએકટીવીટી સેન્ટર બનવાથી ઝોન વિસ્તારના લોકોને આંગણવાડી,વાંચનાલય તેમજ યુ.સી.ડી. સેન્ટરની સુવિધા પ્રાપ્ત થશે.પાર્ટી પ્લોટ બનવાથી ઝોન વિસ્તારના લોકોને સામાજીક પ્રસંગો ઉજવી શકશે.અને ખાડી પુલોનું ઉદ્દઘાટનથી ઝોન વિસ્તારના લોકોને અવરજવર,વાહનવ્યવહાર ની સુવિધા પ્રાપ્ત થશે.